eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 308**
**March 09, 2012**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા રાષ્ટ્રીય ફાઈલેરીયા ડે–૪ માર્ચ ૨૦૧૨ના રોજ ડ્રગ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ

ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ આરોગ્ય સબંધી નીતિઓમાં વર્ષ ૨૦૧૫ સુધીમાં સમગ્ર ભારતમાંથીીથ?ઉઝબ્ત્' ।યબ્ચ્ચ્બ(૨( (હાથી પગાનો રોગ) નાબૂદ કરવાનો ધ્યેય નકકી કરવામાં આવેલ છે. આ માટે હાથીપગાના રોગ માટે જવાબદાર પરોપજીવી માઈક્રો ફાઈલેરીયાનો નાશ કરવાથી આ રોગને અંકુશ હેઠળ લાવી શકાય તેમ છે. આ માટે ભારત સરકાર દ્વારા આગામી તા.૪–૩–૨૦૧૨ ના  દિવસને નેશનલ  ફાઈલેરીયા ડે તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે, તથા તા.૧–૩–૧૨ થી તા.૬–૩–૧૨ દરમ્યાન શહેરની તમામ વ્યકિતઓને એક જ દિવસે એક જ ડોઝ  મભહ અને બખ્મ્દ્યિમ્બ્શ્ર:ભ્નિ ટેબ્લેટસનો  ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત ઓડીટોરીયમ ખાતે તા.૨૮/૦૨/૨૦૧૨ના રોજ નેશનલ સાયન્સ ડે ની ઉજવણી

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત ઓડીટોરીયમ ખાતે તા.૨૮/૦૨/૨૦૧૨ના રોજ નેશનલ સાયન્સ ડે ની ઉજવણીના ભાગરૂપે ફિલ્મ સોસાયટી ઓફ સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે એવોર્ડ વિજેતા ડોકયુમેન્ટરી ફિલ્મ "બદ યદહફદઅભદયભદત તચગતજ" નું સ્ક્રનીંગ કરવામાં આવેલ હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા તથા સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (SPIPA), અમદાવાદના સંયુકત ઉપક્રમે તા.૨૯.૨.૨૦૧૨ના રોજ "માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫" વિષય ઉપર રિફ્રેશર એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન

સુરત મહાનગરપાલિકા તથા સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા ૮ક.ય.બ૯, અમદાવાદના સંયુકત ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડ ખાતે તા.૨૯.૨.૨૦૧૨, બુધવારના રોજ "માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫" વિષય ઉપર રિફ્રેશર એક દિવસીય તાલીમ કાર્યક્રમ રાખવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## તા.૦૬/૦૩/૨૦૧૨નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકાની સને : ૨૦૧૨(જાન્યુ.–ડીસે.)ના વર્ષની મ્યુ.ડાયરી સુ.મ.પા.ના તમામ ઝોનના નાગરિક સુવિધા કેન્દ્ર પરથી વેચાણથી મળી શકશે

સુરત મહાનગરપાલિકાની સને : ૨૦૧૨(જાન્યુ.–ડીસે.)ના વર્ષની મ્યુ.ડાયરી સુ.મ.પા.ના તમામ ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રોમાં નંગ–૦૧(એક)ના રૂા.૬૦/–(રૂા.સાઈઠ પૂરા) લેખે જાહેર જનતાના વેચાણ અર્થે મુકવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા રાષ્ટ્રીય ફાઈલેરીયા ડે–૪ માર્ચ ૨૦૧૨ના રોજ ડ્રગ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ

ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલ આરોગ્ય સબંઘી નીતિઓમાં વર્ષ ૨૦૧૫ સુઘીમાં સમગ્ર ભારતમાંથી Lymphatic Filariasis (હાથી પગાનો રોગ) નાબૂદ કરવાનો ધ્યેય નકકી કરવામાં આવેલ છે. આ માટે હાથીપગાના રોગ માટે જવાબદાર પરોપજીવી માઈક્રો ફાઈલેરીયાનો નાશ કરવાથી આ રોગને અંકુશ હેઠળ લાવી શકાય તેમ છે. આ માટે ભારત સરકાર દ્વારા આગામી તા.૪–૩–૨૦૧૨ ના દિવસને નેશનલ ફાઈલેરીયા ડે તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ છે, તથા તા.૧–૩–૧૨ થી તા.૬–૩–૧૨ દરમ્યાન શહેરની તમામ વ્યકિતઓને એક જ દિવસે એક જ ડોઝ DEC અને Albendazole ટેબ્લેટસનો ગળાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

આ માટે ગુજરાત સરકારની માર્ગદર્શિકા મુજબ સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૪–૩–૨૦૧૨ નાં રોજ ફાઈલેરીયા ડે નાં દિવસે સુરત શહેરનાં તમામ વિસ્તારોમાં વર્ષમાં એક વખત એક જ ડોઝ લેવાથી હાથીપગાના જડબામાંથી મુકત થઈ શકાય છે. જેથી ઘરના તમામ સભ્યોએ આ ડોઝ અવશ્ય વર્કરની હાજરીમાં ગળીને સાથ–સહકાર આપવો.

લિમ્ફેટીક ફાઈલેરીયાસીસ એ કયુલેકસ માદા મચ્છરો દ્વારા ફેલાતો રોગ છે. જે મચ્છરો ગંદા પાણીમાં ઉત્પન્ન થાય છે. મનુષ્યના શરીરમાં રહેલા માઈક્રો ફાઈલેરીયા નામના પરોપજીવી કે જે હાથીપગાના રોગના ફેલાવા માટે જવાબદાર છે, તેનો એક મનુષ્યમાંથી બીજા મનુષ્યમાં ફેલાવો આ માદા કયુલેકસ મચ્છરો દ્વારા કરવામાં આવે છે. એક વાર મનુષ્યમાં આ રોગના લીધે શરીર ઉપરના સોજા ચાલુ થાય, ત્યાર બાદ તેને સંપુર્ણ સાજો કરવો શકય નથી, તેમજ દર્દીમાં કયારેક હાઈડ્રોસીલ પણ જણાય છે. જે પણ હાથીપગાના રોગનું જ એક લક્ષણ કહી શકાય. આથી મનુષ્યમાં રહેલા માઈક્રો ફાઈલેરીયા મનુષ્યની લિમ્ફેટીક સીસ્ટમ ઉપર અસર કરી શરીર ઉપર સોજા ચઢવાના શરૂ થાય તે પહેલા DEC અને Albendazole દવા ગળવાથી આ રોગ ઉપર અંકુશ મેળવી શકાય છે. બહારથી સંપુર્ણ સ્વસ્થ દેખાતી વ્યકિતને પણ માઈક્રો ફાઈલેરીયાનો ચેપ મચ્છર દ્વારા લાગુ પડેલ હોય શકે છે, આથી કોઈ પણ પ્રકારના દેખીતા ચિન્હો સિવાય પણ વ્યકિત ફાઈલેરીયા ગ્રસ્ત અને તેના ફેલાવા માટે જવાબદાર હોય શકે છે, આથી સમયસર ફકત પરિક્ષણ અને માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન (MDA) પ્રોગ્રામ હેઠળ દવા ગળી આ રોગ સામે સ્વયંપણે રક્ષિત થઈ શકે છે, અને અન્યોને પણ આના ચેપથી બચાવી શકાય છે.

આ કાર્યક્રમની સફળતા માટે અને લોકોને આ કાર્યક્રમ દ્વારા લીમ્ફેટીક ફાઈલેરીયાસીસ (હાથી પગાના રોગ)થી રક્ષિત કરવા માટે લોકોનો અને સમાજના અગ્રગણ્ય વ્યકિતઓનો સ્વયંભુ સહકાર ખૂબ જ મહત્વની વસ્તુ છે. જેથી કરીને સમાજના તમામ વર્ગને આ ભયંકર રોગના વિકરાળ જડબામાંથી બચાવી સમાજ સેવાનું એક ઉમદા કાર્ય પાર પાડી શકાય.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૪–૩–૨૦૧૨ ના નેશનલ ફાઈલેરીયા દિનના રોજ આયોજન કરેલ માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન પ્રોગ્રામ માટે તૈયાર કરવામાં આવેલ એકશન પ્લાનની રૂપ રેખા મુજબ સુરત શહેરની વર્ષ ૨૦૧૨ ની ૪૫.૮૫ લાખની લક્ષ્યાંક વસ્તીને આવરી લેવા માટે કુલ ૧૭૦૦ ટીમો બનાવવામાં આવેલ છે, અને કુલ ૩,૪૦૦ સ્ટાફ રોકવામાં આવેલ છે. દરેક ટીમમાં બે ડ્રગ ડિસ્ટ્રીબ્યુટર હશે. ૧૫ ટીમ દીઠ એક સુપરવાઈઝર રોકવામાં આવેલ છે. આમ, કુલ ૧૧૭ સુપરવાઈઝરો રોકવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાનાં ૩૩ અર્બન હેલ્થ સેન્ટરો તથા અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ અને મસ્કતિ તથા સ્મીમેર હોસ્પિટલોને ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર તરીકે કાર્યરત કરવામાં આવેલ છે, તથા શહેરના ૮૫૦ ખાનગી તબીબોને ત્યાં પણ DEC & Albendazole ગળાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. DEC ગોળી ગળાવવાથી કોઈ વ્યકિતને કંઈ પણ આડઅસર થાય તો તે માટે એક Rapid Respons Team(RRT) તમામ હેલ્થ સેન્ટરો ઉપર કાર્યરત કરવામાં આવેલ છે. તા.૧–૩–૧૨ નાં રોજ સુરત શહેરનાં ૧,૫૧,૪૮૧ ઘરોની ૭,૧૨,૯૮૩ની વસ્તીને આવરી લઈ કુલ ૨૫,૦૭,૫૪૩ DEC ગોળીઓ અને ૬,૮૬,૪૨૨ વ્યકિતઓને ALBENDEZOL ગોળીઓ ગળાવવામાં આવેલ, અને ૧૬.૬૩% કામગીરી કરાવવામાં આવેલ. આ ઉપરાંત વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૧ નાં માર્ચ મહિના સુઘીમાં સિવીલ હોસ્પિટલ તેમજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં કુલ ૪૫૦ દર્દીઓના હાઈડ્રોસીલના ઓપરેશન સફળતાપૂર્વક કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મ્યુ.કમિશ્નરશ્રી, ઈ.ચા. ડેપ્યુટી કમિશ્નરશ્રી(હે. અને હો.) અને આરોગ્ય અધિકારી તથા જંતુનાશક અધિકારી અને તમામ ઝોનનાં નાયબ/આસી. આરોગ્ય અધિકારી, તમામ મેડીકલ ઓફિસર, તમામ આસી.જંતુનાશક અધિકારી, પેરા મેડીકલ સ્ટાફ તેમજ શહેરની તમામ કોલેજોનાં એન.એસ.એસ. અને એન.સી.સી.નાં વિદ્યાર્થીઓને લઈને ખૂબ જ મોટા પ્રમાણમાં આયોજન કરવામાં આવેલ છે. જેથી જાહેર જનતાને હાથીપગાની ગંભીરતાને લઈને યોગ્ય સાથ–સહકાર આપવા સુરત મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત ઓડીટોરીયમ ખાતે તા.૨૮/૦૨/૨૦૧૨ના રોજ નેશનલ સાયન્સ ડે ની ઉજવણી




સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત ઓડીટોરીયમ ખાતે તા.૨૮/૦૨/૨૦૧૨ના રોજ નેશનલ સાયન્સ ડે ની ઉજવણીના ભાગરૂપે ફિલ્મ સોસાયટી ઓફ સુરત અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે એવોર્ડ વિજેતા ડોકયુમેન્ટરી ફિલ્મ ''AN INCONVENIENT TRUTH'' નું સ્ક્રનીંગ કરવામાં આવેલ હતું. આ ફિલ્મ યુ.એસ.એ.ના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી અલ ગોરે ધ્વારા ગ્લોબલ વોર્મીંગ અંગે લોકજાગૃતિ કેળવવા જે આંદોલન કરવામાં આવેલ તેના પર આધારિત હતી. આ ફિલ્મમાં ગ્લોબલ વોર્મીંગ અને કલાઈમેટ ચેઈન્જ વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. આ ફિલ્મના સ્ક્રીનંગ દરમ્યાન સદર વિષયના તજજ્ઞો, સ્કેટ એન્જીનીયરીંગ સંસ્થાના ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ, ફિલ્મ સોસાયટીના સભ્યો, જીવનભારતી પ્રવૃત્તિ વિદ્યાલય અને ઉત્તર ગુજરાત ચરોતર વિદ્યા મંડળ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓ, એલ.એન.ગ્રુપ ઓફ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓ અને બહોળી સંખ્યામાં નાગરીકોએ ઉપસ્થિત રહયા હતા. આ ફિલ્મના સ્ક્રીનીંગ સમયે વોલ્વો એનવાયરોમેન્ટ એવોર્ડ વિજેતા શ્રી ડેવીડ કે જેઓ ઈન્સ્ટીટયુટ ફોર એનવાયરોમેન્ટ એન્ડ ડેવલેપમેન્ટના સીનીયર ફેલો તથા ઈન્ટરનેશનલ જનરલ એનવાયરોમેન્ટ અને અર્બનાઈઝેશનના એડીટર આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહયા હતા. અને આ ફિલ્મ પૂર્ણ થયા બાદ શ્રી ડેવીડ તેમજ ઈન્ડોનેશીયા, વિયેતનામ અને થાયલેન્ડથી ઉપસ્થિત તજજ્ઞોએ હાજર વિદ્યાર્થીઓ અને નાગરીકોને વિષય અનુરૂપ સમજ આપી હતી અને પ્રશ્નોત્તરી દરમ્યાન વિસ્તૃત માહિતી સભર જવાબો આપવામાં આવ્યા હતા. ઉપરોકત તજજ્ઞોએ પર્યાવરણ અંગે લોકજાગૃતિ કેળવવા હોટલ ગેટ વે થી સાયન્સ સેન્ટર સુધી પદયાત્રા કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા તથા સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (SPIPA), અમદાવાદના સંયુકત ઉપક્રમે તા.૨૯.૨.૨૦૧૨ના રોજ "માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫" વિષય ઉપર રિફ્રેશર એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન

સુરત મહાનગરપાલિકા તથા સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (SPIPA), અમદાવાદના સંયુકત ઉપક્રમે સુરત મહાનગરપાલિકાના સરદાર વલ્લભભાઈ પટેલ સભાખંડ ખાતે તા.૨૯.૨.૨૦૧૨, બુધવારના રોજ "માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫" વિષય ઉપર રિફ્રેશર એક દિવસીય તાલીમ કાર્યક્રમ રાખવામાં આવેલ.

માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અંગેનો રીફ્રેશર તાલીમ કાર્યક્રમ બે શેસનમાં આયોજન કરવામાં આવેલ હતું. સવારના ૧૦.૩૦ કલાકના પ્રથમ સેશનમાં સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા(સ્પીપા), અમદાવાદ તરફથી ફેકલ્ટી તરીકે ઉપસ્થિત રહેલ ડો.એ.કે.ગણાત્રા, મદદનીશ નિયામક, પશુપાલન નિયામકશ્રીની કચેરી, પાલડી, અમદાવાદ ધ્વારા An Overview RTI Act, RTI Rules & Good Faith, Natural Justice જેવી બાબતો ઉપર માહિતી અધિકાર કાયદાની જાણકારી–સમજ, નાગરિક તરીકે મળેલા હકકો તથા અરજી કરવાની રીત, અરજી કર્યા પછી પણ ત્રીસ દિવસમાં માહિતી ના મળે કે વધુ ફી માંગવામાં આવે તો શું કરવુ. અપીલ–પ્રથમ અપીલ–બીજી અપીલ–ફરિયાદ, કાયદાનો ભંગ કયારે થયો ગણાય ? વિગેરે મુદ્દાઓ ઉપર ઉંડાણથી સમજ આપી હતી. જયારે બપોર બાદના બીજા સેશનમાં Pro-Active Disclosure, Role of PIO/APIO & Discussion about RTI Judgment ઉપર પ્રકાશ પાડતા સુરત મહાનગરપાલિકાના આસી.નોડલ ઓફિસર શ્રી હિરનેશભાઈ ભાવસાર ધ્વારા "પ્રોએકટીવ ડીસ્કલોઝર " (સામેથી જાહેર કરવાની વિગતો) વિષય ઉપર સુંદર પ્રકાશ પાડયો હતો. નાગરિક માહિતી માંગે તે પહેલા જ જે તે સરકારી ઓથોરીટીએ તેની કામગીરીની વિગતો પોતાની વેબસાઈટ ઉપર, પોતાના નોટીસ બોર્ડો કે અન્ય માધ્યમ ધ્વારા આગળથી જ જાહેર કરવી જોઈએ તે બાબતો વિશે છણાવટ કરી હતી અને બાકીની માહિતી વેબસાઈટ ઉપર મૂકવા માટે સુચન કરેલ હતું.

તાલીમ કાર્યક્રમના અંતિમ ચરણમાં રાખેલ પ્રશ્નોત્તરી સેશનમાં સ્પીપાના ડે.ડાયરેકટરશ્રી, સ્પીપાના ફેકલ્ટી શ્રી ગણાત્રા સાહેબ, આસી.નોડલ ઓફિસર શ્રી હિરનેશભાઈ ભાવસાર તથા એપેલેટ અધિકારી અને નોડલ અધિકારીશ્રીની હાજરી / માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓએ આ કાયદા વિષયક વિવિધ પ્રશ્નો સંબંધે સંતોષપ્રદ માર્ગદર્શન આપ્યુ હતું. સુરત મહાનગરપાલિકાના એપેલેટ ઓફિસર અને ડેપ્યુટી કમિશનરશ્રી(સ્પે.) પી.જે.ઝાલા ધ્વારા ફોર ધ પીપલ, ઓફ ધ પીપલ, બાય ધ પીપલ ને અનુસરીને લોકશાહી સંદર્ભે લોકોના હકક તથા આર.ટી.આઈ. કાયદા બાબતે ટૂંકમાં માહિતી આપી હતી.

આ તાલીમ સહ કાર્યશાળાના અંતે પર્સોનેલ ઓફિસરશ્રી રોહિતભાઈ ચૌધરીએ વકતા / ફેકલ્ટી તરીકે સરદાર પટેલ રાજય વહીવટ સંસ્થા (સ્પીપા) અમદાવાદના ડેપ્યુટી ડાયરેકટર(પ્લાનીંગ) શ્રીમતી કલ્પાનાબેન તથા મદદનીશ નિયામકશ્રી પશુપાલન ડો.એ.કે.ગણાત્રા તથા આસી.નોડલ ઓફિસરશ્રી હિરનેશ ભાવસારનો આભાર માની આ તાલીમ કાર્યક્રમનું સમાપન કર્યુ હતું.

**TOP**

## તા.૦૬/૦૩/૨૦૧૨નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની જનજાગૃતિ અંતર્ગત તા.૦૬/૦૩/૨૦૧૨નાં રોજ સવારથી સાંજ સુધી જે તે ઝોન મારફતે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. તમામ ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે. વધુમાં આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

| અ.નં. | ઝોનનું નામ | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમોની સંખ્યા | જપ્ત કરેલ પ્લાસ્ટિક જથ્થો (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| ૧ | કતારગામ ઝોન | ૮,૧૫૦ | ૧૦૧ | ૧૩.૦૦૦ |
| ૨ | સેન્ટ્રલ ઝોન | ૧૪,૨૦૦ | ૧૪૭ | ૨૩.૪૦૦ |
| ૩ | રાંદેર ઝોન | ૧૧,૦૫૦ | ૯૩ | ૫૪.૩૦૦ |
| ૪ | અઠવા ઝોન | ૧૩,૦૦૦ | ૨૪ | ૨૧.૦૦૦ |
| ૫ | વરાછા ઝોન | ૧૦,૮૦૦ | ૫૮ | ૨૩.૦૦૦ |
| ૬ | લિંબાયત ઝોન | ૧૧,૬૫૦ | ૯૬ | ૩૧.૨૦૦ |
| ૭ | ઉધના ઝોન | ૮,૭૦૦ | ૭૮ | ૩૮.૧૦૦ |
| કુલ | | ૭૭,૫૫૦ | ૫૯૭ | ૨૦૪.૦૦૦ |

TOP

## સુરત મહાનગરપાલિકાની સને : ૨૦૧૨(જાન્યુ.–ડીસે.)ના વર્ષની મ્યુ.ડાયરી સુ.મ.પા.ના તમામ ઝોનના નાગરિક સુવિધા કેન્દ્ર પરથી વેચાણથી મળી શકશે

સુરત મહાનગરપાલિકાની સને : ૨૦૧૨(જાન્યુ.–ડીસે.)ના વર્ષની મ્યુ.ડાયરી સુ.મ.પા.ના તમામ ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રોમાં નંગ–૦૧(એક)ના રૂા.૬૦/–(રૂા.સાઈઠ પૂરા) લેખે જાહેર જનતાના વેચાણ અર્થે મુકવામાં આવેલ છે. જેઓ ડાયરી મેળવવા માંગતા હોય તેઓ નજીકના સીવીક સેન્ટર/ઝોનમાંથી મેળવી શકશે.

TOP